# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-03-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

****************************************************

- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા વેગવાન બની છે.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી – બંને દેશો વચ્ચે સહકાર ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી
- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં આગની ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે.
- રંગોના પર્વ હોળી ધુળેટીને ગઈકાલે દેશભરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી.
- હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના હિમાલયના વિસ્તારોમાં અને ગંગાના મેદાનોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.
- IPLમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઈકાલે કિંગ્સ ઈલેવન પંજાબને ચાર વિકેટથી હરાવ્યું છે

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BIHAR-NOMINATION.rtf

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા વેગવાન બની છે. બિહારમાં, ગયા, નવાદા, ઔરંગાબાદ અને જમુઈ સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 28મી માર્ચ છે. અગાઉ કુલ નવ ઉમેદવારોએ ઉમેદવારી પત્રભર્યું હતું.

ઔરંગાબાદ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુશીલ કુમાર સિંહ અને નવાદા સંસદીય મતવિસ્તારમાંથી આરજેડીના ઉમેદવાર શ્રવણ કુમાર કુશવાહે ગઈકાલે ઉમેદવારી પત્રો ભર્યા હતા.અત્યાર સુધીમાં ઔરંગાબાદથી છ ઉમેદવારો, ગયાના ત્રણ ઉમેદવારો અને નવાદા સંસદીય ક્ષેત્રના એક ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યું છે. જમુઈ સંસદીય મતવિસ્તારમાં હજુ સુધી કોઈ ઉમેદવારી નોંધાવવામાં આવી નથી. આ ચાર લોકસભા મતવિસ્તારોમાં 19મી એપ્રિલે મતદાન થશે.

કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની એકમાત્ર લોકસભા બેઠક માટે ગઇકાલે આઠ ઉમેદવારીપત્રો ભરાયા. આ બેઠક પર 19 એપ્રિલે મતદાન થશે.

મણિપુર - બાહ્ય સંસદીયમત વિસ્તાર માટે નાગા પીપલ્સ ફ્રન્ટ તરફથી અને મણિપુર - આંતરિક સંસદીયમતવિસ્તાર માટે મણિપુર પીપલ્સ પાર્ટી તરફથી ટીમોથી ઝિમિક અને આર. ના.સોમરાન્દ્રોએ ગઇકાલે ઉમેદવારીપત્રો ભર્યા હતા.

તમિલનાડુ ન્યૂ જસ્ટિસ પાર્ટીના પ્રમુખ એસી શનમુગમે ગઇકાલે વેલ્લોર લોકસભા બેઠક પરથી એનડીએના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

તમિલનાડુમાં તેની સ્થિતિ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, ભાજપે લોકસભા ચૂંટણી માટે NJP, AMMK અને અંબુમણિ રામદોસની આગેવાની હેઠળની PMKની પાર્ટી સાથે સીટ-વહેંચણીની જાહેરાત કરી હતી.

# JANARDHANA REDDY –BJP

કર્ણાટકમાં, KRPP નેતા જી જનાર્દન રેડ્ડીની પાર્ટી ગઈકાલે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈ ગઈ છે. લોકસભા ચૂંટણી પહેલા જી જનાર્દન રેડ્ડી તેમની પત્ની અરુણા લક્ષ્મી સાથે પાર્ટીમાં ફરી જોડાયા છે. તેઓ પાર્ટીના નેતા બીએસ યેદિયુરપ્પા અને રાજ્ય બીજેપી અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્રની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટેપાંચ ઉમેદવારોની યાદી બહાર પાડી છે. પ્રહલાદ ગુંજાલ કોટાથી, રામચંદ્ર ચૌધરી અજમેરથી અને સુદર્શન રાવત રાજસ્થાનનીરાજસમંદ બેઠક પરથી ચૂંટણી લડશે.

# TELANGANA---BRS.rtf

તેલંગાણામાં, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) પાર્ટીએ લોકસભા ચૂંટણી-2024 માટે તમામ 17લોકસભા મતવિસ્તારો માટે તેના ઉમેદવારોને સત્તાવાર રીતે જાહેર કર્યા છે. હૈદરાબાદ લોકસભા બેઠક માટે ગદ્દમ શ્રીનિવાસ યાદવની ઉમેદવાર તરીકે પસંદગી કરાઈ છે. BRSએ 2019માં નવ લોકસભા બેઠકો જીતી હતી. ઉલ્લેખનીય છે કે પાર્ટીના પાંચ વર્તમાન સાંસદોએ તાજેતરમાં પાર્ટી છોડી દીધી હતી અને અન્ય પક્ષોમાં જોડાયા હતા..

# JAISHANKAR –SINGAPORE

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે સિંગાપોરના પ્રધાનમંત્રી લી સિન લૂંગ સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે ભારત સાથેના સંબંધો પ્રત્યે શ્રી લૂંગનો સકારાત્મક અભિગમ બંને દેશો વચ્ચેના સંબંધો માટે મજબૂતીનો સ્ત્રોત છે. ડૉ. જયશંકરે કહ્યું કે વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્ય પર શ્રી લૂંગના પરિપ્રેક્ષ્યને ભારત મહત્વપૂર્ણ માને છે. ડોક્ટર જયશંકર સિંગાપોરની ત્રણ દિવસની મુલાકાતે છે.

આ પહેલા તેઓ સિંગાપોરના વિદેશ મંત્રી શ્રીવિવિયન બાલકૃષ્ણનને પણ મળ્યા હતા. બંને નેતાઓએ ભારત અને સિંગાપોર વચ્ચે સહકારના ક્ષેત્રમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. ડૉ. જયશંકરે કહ્યું કે બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક અને વેસ્ટ-એશિયા પર પણ ચર્ચા કરી.

# UJJAIN-FIRE

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં આગની ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. મીડિયા સાથે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર તમામ ઘાયલોને યોગ્ય સારવાર પૂરી પાડશે. રાજ્ય સરકાર દરેક પીડિતને 1 લાખ રૂપિયાની આર્થિક સહાય જાહેર કરાઇ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે જે બન્યું તે દુર્ભાગ્યપૂર્ણ છે. મહાકાલની કૃપાથી કોઈને જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નથી.

મુખ્યમંત્રીએ કહ્યું કે તેમણે પ્રધાનમંત્રી, ગૃહમંત્રી અને રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાત કરી છે. પ્રધાનમંત્રીએ  તેમને આ ઘટનાની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે તમામ ઘાયલોની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં ગઇકાલે  સવારે ભસ્મ આરતી દરમિયાન આગ લાગી હતી. આ ઘટનામાં પૂજારી સહિત 14 લોકો ઘાયલ થયા છે..

# J&K-AMARNATH YATRA

જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ યાત્રામાં ફરજિયાત આરોગ્ય પ્રમાણપત્ર-CHC હોવું જરૂરી છે, જે માટે સમગ્ર પ્રદેશના આરોગ્ય કેન્દ્રોમાંથી કુલ 112 ડોકટરોને નિમણુંક કરવામાં આવી છે. અમરનાથ યાત્રાની સત્તાવાર જાહેરાત બાકી છે, પરંતુ શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડની તાજેતરની

બેઠક દરમિયાન થયેલી ચર્ચાઓએ 29 જૂનથી યાત્રા શરૂ કરવાનો સંકેત આપ્યો હતો. મુસાફરોના રજીસ્ટ્રેશનની ચોક્કસ તારીખ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે. નોંધણીની સુવિધા ઉપરાંત, આરોગ્ય કેન્દ્રો પર યાત્રાળુઓ માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવશે..

# HOLI

હોળી ધુળેટીને ગઈકાલે દેશભરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી. હોળી ધુળેટીના પાવન પર્વ નિમીતે લોકોએ વિવિધ મંદિરોમાં જઈ રંગોત્સવ ઉજવ્યો હતો. આ દરમ્યાન ભગવાન રામલલાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિર પહોંચ્યા હતા.

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે રામ મંદિરની અંદર ભક્તોએ 'રંગોત્સવ' ઉજવ્યો હતો. 'રંગોત્સવ'ના અવસર પર નવનિર્મિત રામ મંદિરમાં અભિષેક સમારોહ પછી પ્રથમ વખત રામલલાને રંગો અર્પણ કરવામાં આવ્યા હતા..

# IMD- FORECAST

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના હિમાલયના વિસ્તારોમાં અને ગંગાના મેદાનોમાં સતત વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. શુક્રવાર સુધી જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

દરમ્યાન દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આગામી દિવસોમાં તાપમાનમાં બે-ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. દક્ષિણ રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, કેરળ અને તમિલનાડુમાં તાપમાન 36 થી 40 ડિગ્રી વચ્ચે રહેવાની ધારણા છે.

# IPL

IPLમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઈકાલે રાત્રે કિંગ્સ ઈલેવન પંજાબને ચાર વિકેટથી હરાવ્યું હતું. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદકર્યું હતું. પંજાબ કિંગ્સે આપેલા 177 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રોયલ ચેલેન્જર્સે 19.2 ઓવરમાં છ વિકેટે 178 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીને 77 રન કરવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સનો મુકાબલો થશે. મેચ સાંજે 7.30 કલાકે શરૂ થશે.

# TENNIS

ટેનિસમાં, રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેનની ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડીએ ઇટાલિયન જોડીને હરાવી મિયામી માસ્ટર્સ એટીપી 1000 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલ પછી બંને જોડી વચ્ચેની આબીજી મુલાકાત હતી. જ્યાં રોહને પુરૂષ ડબલ્સમાં તેનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યું હતું.

# BALOCH-ABDUCTIONS.rtf

પાકિસ્તાનના બલૂચિસ્તાનના ત્રણ અલગ-અલગ જિલ્લામાંથી બે ભાઈઓ સહિત ચાર બલૂચ નાગરિકો ગુમ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, બલૂચ રાષ્ટ્રીય ચળવળની માનવાધિકાર પાંખે જણાવ્યું હતું કે બલૂચિસ્તાનમાં પાકિસ્તાની દળો દ્વારા વધુ ચાર યુવાનોનું અપહરણ કરવામાં આવ્યું હતું.

દિનપ્રતિદિન અપહરણના બનાવો વધી રહ્યા છે. વધુમાં જણાવાયુ છે કે બલૂચિસ્તાનના અવારન, ખુઝદાર અને મસ્તુંગ જિલ્લામાંથી ચાર લોકો ગુમ થયાના અહેવાલ મળ્યા છે. અધિકારીઓએ ગુમ થયેલાઓની તપાસ કરવા અને તેમના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ..

# BLA

પાકિસ્તાનના તુર્બતમાં, દેશના બીજા સૌથી મોટા નૌસેના એરબેઝ - પીએનએસ સિદ્દીકી પર હુમલો કરવામાં આવ્યો છે. અહી  ભારે ગોળીબાર અને અનેક વિસ્ફોટોના અહેવાલ છે. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મી-BLAના માજીદ બ્રિગેડે હુમલાની જવાબદારી લીધી છે.

મજીદ બ્રિગેડ બલૂચિસ્તાન પ્રાંતમાં ચીનના રોકાણનો વિરોધ કરે છે અને ચીન અને પાકિસ્તાન પર આ વિસ્તારના સંસાધનોનું શોષણ કરવાનો આરોપ લગાવે છે. હુમલા બાદ જિલ્લા આરોગ્ય અધિકારીએ ટીચિંગ હોસ્પિટલ તુર્બતમાં ઈમરજન્સી લાદી દીધી છે અને તમામ ડોક્ટરોને તાત્કાલિક ફરજ પર રિપોર્ટ કરવા જણાવ્યું છે. તુર્બતમાં આ હુમલો BLA માજિદ બ્રિગેડ દ્વારા અઠવાડિયામાં બીજો અને આ વર્ષે ત્રીજો હુમલો છે.